**ગાંધીનગર તાપમાન**

મહત્તમ : ૨૯.૦ ડીગ્રી
લઘુતમ : ૨૫.૦ ડીગ્રી
ભેજ
સવારે ૯૭ ટકા ● સાંજે ૮૭ ટકા

# આજે શહેરમાં ૭૪મા સ્વાતંત્ર્ય દિવસની ઉજવણી કરાશે

**સ્વર્ણિમ પાર્ક ખાતે મુખ્યમંત્રીના હસ્તે ધ્વજવંદન યોજાશે : પહેલીવાર મહાનગરપાલિકા કુડાસણના 'સરદાર ચોક' ખાતે સ્વતંત્રતા દિવસ ઉજવશે : કોબા કમલમ ખાતે ભાજપ પ્રદેશ અધ્યક્ષ ત્રિરંગો લહેરાવશે : સે-૨૨માં કોંગ્રેસ કાર્યાલય ખાતે ધ્વજવંદન યોજાશે : શાળા કોલેજોમાં કયાંક ઉજવણી મોકુફ તો કયાંક સાદાઈથી ધ્વજવંદનનું આયોજન**





ગાંધીનગર, તા.૧૪

ભારતના ૭૪મા સ્વાતંત્ર્ય પર્વની ઉજવણી ગાંધીનગરમાં આ વર્ષે વિશેષ હશે કેમ કે રાજયના મુખ્યંત્રીના હસ્તે રાજયકક્ષાનો સ્વાતંત્ર્ય મહોત્સવ પાટનગરના આંગણે ઉજવાવા જઈ રહ્યો છે જે માટે તડામાર તૈયારીઓ કરી દેવામાં આવી છે. આ સાથે ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા પણ રાજય સરકારની તર્જ પર આ વર્ષે સ્વાતંત્ર્ય પર્વની ઉજવણીનું આયોજન મનપા કચેરીના પ્રાંગણમાં કરવાને બદલે કુડાસણ ખાતે આયોજિત કર્યું છે. જો કે આ વર્ષે મોટાભાગની શાળા-કોલેજોમાં સ્વતંત્રતા પર્વ નિમિત્તે યોજાતું ધ્વજવંદન રદ કરવામાં આવ્યું હોવાના અહેવાલ પ્રાપ્ત થયાં છે જેના કારણે ઉજવણી થોડી ફિક્કી જરૂર પડશે.

ગુજરાતના મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પહેલીવાર ગાંધીનગરના સ્વર્ણિમ પાર્ક ખાતે સ્વાતંત્ર્ય દિને રાષ્ટ્રીય ત્રિરંગો લહેરાવશે અને રાજયની જનતાને સંબોધન કરશે. આ મહોત્સવ માટે જિલ્લા વહીવટી કચેરી દ્વારા તૈયારીઓને આખરી ઓપ આપી દેવામાં આવ્યો છે. પરંપરાગત રીતે થનાર આ ઉજવણીમાં આરોગ્ય ક્ષેત્રે કોરોના મહામારીમાં પ્રસંશનીય કાર્ય કરનાર રાજયના ૫૦ કોરોના વોરિયર્સનું મુખ્યમંત્રીના હસ્તે સન્માન પણ કરવામાં આવશે. જેમાં ગાંધીનગર જિલ્લાના ૬ કોરોના વોરિયર્સનો સમાવેશ થાય છે.

ગાંધીનગર મહાનગરપાલિકાના વિસ્તરણ બાદ સમાવાયેલી ઝડપી વિકાસ ધરાવતો કુડાસણ વિસ્તાર એવો પહેલો વિસ્તાર બનશે જયાં મનપા સ્વતંત્રતા દિવસની અધિકૃત ઉજવણી કરશે. આ ઉજવણીમાં મેયર રીટાબેન પટેલના હસ્તે ધ્વજવંદન યોજાશે. આ ઉપરાંત ગાંધીનગર જિલ્લા પંચાયત દ્વારા જિલ્લા પંચાયત કચેરીના પ્રાંગણમાં જિલ્લા પ્રમુખ મંગુબેન પટેલના હસ્તે ધ્વજવંદન યોજાશે.

શહેરમાં ભારતીય જનતા પાર્ટીના કોબા ખાતેના પ્રદેશ કાર્યાલય 'કમલમ્' ખાતે દર વર્ષની જેમ પરંપરાગત રીતે ૧૫મી ઓગષ્ટની ઉજવણી કરાશે જેમાં ભાજપના નવ નિયુકત પ્રદેશ પ્રમુખ સી.આર. પાટીલના હસ્તે ધ્વજવંદન યોજાશે. ગાંધીનગર શહેર જિલ્લા કોંગ્રેસ દ્વારા પણ પ્રતિ વર્ષની જેમ સેકટર-૨૨માં કોંગ્રેસ કાર્યાલય ખાતે ધ્વજવંદન યોજાશે. આ ઉપરાંત શહેરમાં જુના સચિવાલય, નવા સચિવાલય, ઉદ્યોગભવન, અરણ્ય ભવન વગેરે ઉપરાંત વિવિધ સરકારી ભવનો ખાતે પણ રાષ્ટ્રીય પર્વની ઉજવણીના આયોજન કરવામાં આવ્યા છે. શહેરમાં સ્વૈચ્છિક સંસ્થાઓ દ્વારા પણ આ દિવસની ઉજવણીમાં અલગ અલગ રીતે આયોજન કરવામાં આવ્યા છે. શહેરમાં શાળા કોલેજોમાં દર વર્ષે યોજાતા ધ્વજવંદન કાર્યક્રમમાં કોરોના મહામારીના પગલે કેટલીક શાળા-કોલેજો દ્વારા ઉજવણી મોકુફ રાખવામાં આવી છે જયારે કેટલીક શાળા કોલેજોમાં માત્ર એનસીસી અને એનએસએસ યુનિટની હાજરીમાં જ ધ્વજવંદન ઉજવવાનું આયોજન કરવામાં આવ્યું છે જયારે બાકીના વિદ્યાર્થીઓને શાળા કોલેજમાં બોલાવવાનું ટાળવામાં આવ્યું છે. તમામ ઉજવણીમાં કોરોના ગાઈડ લાઈન અનુસાર સોશ્યલ ડિસ્ટન્સિંગ વગેરેની તકેદારી લેવામાં આવી રહી છે.

## સરકાર ના કરી શકી તે કોરોનાએ કરી દેખાડયું...!!



કોરોના મહામારીએ જનજીવનમાં ક્રાંતિકારી પરિવર્તન આણ્યું છે, જે કાર્ય સરકાર વર્ષોથી નહોતી કરી શકતી તે કોરોનાને કારણે શકય બનશે તેવું જણાઈ રહ્યું છે. ગણેશ ઉત્સવમાં દેશભરમાં પીઓપીની મૂર્તિઓના સ્થાપન તથા તેના નદી-તળાવ-જળાશયોમાં કરાતા વિસર્જનને કારણે થઈ રહેલા પ્રદૂષણને અટકાવવા અને શ્રધ્ધાળુઓને માટીની મૂર્તિની સ્થાપના કરવા સરકાર, પર્યાવરણ વાદીઓ, પ્રકૃતિપ્રેમી સંસ્થાઓ વગેરે પ્રયાસો કરીને થાકી ગયાં, દર વર્ષે સરકારે પ્રતિબંધના નાટક પણ કર્યા છતાં પીઓપીની મૂર્તિઓ બનતી રહી છે અને વિસર્જિત થતી રહી છે. જો કે આ વર્ષે કોરોનાને કારણે જાહેરમાં ગણેશ ઉત્સવ ઉજવવાની કે વિસર્જન કરવા પર પ્રતિબંધ હોવાથી શ્રધ્ધાળુઓએ તેમના ગણેશજીની મૂર્તિને ઘરમાં જ વિસર્જન કરવું પડશે આ સ્થિતિમાં માટીની મૂર્તિ જ વેચાશે જેનું શહેરમાં આગમન થઈ ચુકયું છે.

## સન્માનની યાદીમાં સિવિલના કોઈ કોરોના વોરિયર્સનો સમાવેશ ન થતા ભારે નારાજગી

ગાંધીનગર, તા.૧૪

રાજયના પાટનગરમાં ૭૪માં સ્વાતંત્રતા પર્વની ઉજવણી હર્ષોઉલ્લાસ સાથે કરવામાં આવનાર છે. સ્વર્ણીમ પાર્ક ખાતે આયોજીત આ સમારોહમાં કોરોનાની વૈશ્વિક મહામારીમાં સારી કામગીરી કરી હોય તેવા ૬૮ કોરોના વોરીયર્સને સન્માનિત કરવામાં આવનાર છે. આ કોરોના વોરીયર્સ રાજયના વિવિધ શહેર કે જિલ્લામાંથી આવનાર છે. ત્યારે કોરોના વોરીયર્સને જયાંથી સન્માનિત કરવામાં આવનાર છે. ત્યાંથી ગણતરીના અંતરે આવેલ ગાંધીનગર સિવિલ હોસ્પિટલમાંથી ડોકટર થી લઈ વર્ગ-૪ સુધીમાં એક પણ કર્મચારીને સન્માનિત કરવામાં આવનાર નથી. જેને પગલે હોસ્પિટલના સ્ટાફમાં નારાજગી પ્રવર્તી છે. જયારે સિવિલ સ્ટાફમાં શુક્રવારના રોજ આ મુદ્દો ચર્ચાને સ્થાને રહ્યો હતો.

કોરોના વાયરસ ચેપી અને જીવલેણ હોવા છતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલના સ્ટાફના અધિકારી-કર્મચારીઓ છેલ્લા પાંચ માસથી વધુના સમયથી રાત દિવસ જોયા વિના દર્દીઓની સેવામાં ઉત્કૃષ્ટ કામગીરી બજાવી રહ્યા છે. પાટનગરની હોસ્પિટલના સ્ટાફને જ કોરોના વોરીયર્સ તરીકે સન્માનિત કરવામાં એક પણ કર્મચારી-અધિકારી યોગ્ય ના લાગ્યો..? આ કહેવાતી સંવેદનશીલ સરકારને...

ગાંધીનગરના આંગણે રાજયના મુખ્યમંત્રી ડોકટર્સ, નર્સિંગ સ્ટાફ, લેબ ટેકનીશીયન, આયુષ ડોકટર, ડ્રાઈવર, સેવક, અને સ્વીપર સહિત ૬૮ કોરોના વોરીયર્સની સેવાને સન્માનિત કરી બિરદાવવા જઈ રહી છે. ત્યારે ગાંધીનગર સિવિલમાંથી એક પણ કર્મચારીઆ સન્માનિત યાદીમાં નથી તે શરમજનક બાબત કહી શકાય તેવી છે. રાજયના અમદાવાદ, સોલા, ડાંગ, દાહોદ અને નર્મદા જિલ્લાના છેવાડામાંથી કોરોના વોરીયર્સને સન્માનવામાં આવશે ત્યારે ગાંધીનગર સિવિલના ડોકટર કે વર્ગ-૪ માંથી એકપણ કર્મચારીનો સમાવેશ નહી કરીને રાજય સરકારે માત્ર ઉપેક્ષા કરી હોય તેમ સિવિલ સ્ટાફને લાગી રહ્યું છે. ગાંધીનગર સિવિલમાંથી કોરોનાના એક હજારથી વધુ દર્દીઓ સાજા થઈને ઘરે ગયા છે. તેમ જ સિવિલના ૧૧ તબિબ અને ૨૪ કર્મચારીઓ પણ સંક્રમિત થયા છે તેમ છતા તેમની ઉપેક્ષા કરી તે કેટલા અંશે વ્યાજબી કહી શકાય.



શહેરમાં વરસાદી માહોલ તો સારો જામી ગયો છે જેના કારણે શહેરીજનો હિલ સ્ટેશન જેવા આલ્હાદક વાતાવરણનો આનંદ ઘરે બેઠાં ઉઠાવી રહ્યા છે પરંતુ બીજી તરફ શહેરમાં વરસાદી પાણીના ભરાવાની સમસ્યા ઠેર ઠેર પરેશાન કરી રહી છે. સેકટર-૬ના શોપીંગ સેન્ટર આગળની જગ્યામાં ભરાયેલા વરસાદી પાણીના કારણે કાદવ કીચડની સ્થિતિ સર્જાતા વેપારીઓ તેમજ ગ્રાહકો તમામ માટે પરેશાની ઉભી થવા પામી છે.

## સ્વતંત્ર દિવસનો કાર્યક્રમ ધામધૂમથી ન ઉજવીને સંક્રમણથી બચી શકાય : સેકટર-૨ ના રહીશો

ગાંધીનગર, તા.૧૪

હાલ કોરોનાની મહામારી ચાલી રહી છે ત્યારે સ્વાતંત્ર દિવસ ની ઉજવણી કોરોનાના આંકડાને ધ્યાનમાં લઈને નગરમાં ન ઉજવાય તેવી સેકટર-૨ ના રહીશોની લાગણી છે. સેકટર-૨ ના રહીશો જણાવે છે કે, હાલ કોરોનાની મહામારીમાં સ્વાતંત્ર્ય પર્વ ઉજવાય તો સંક્રમણ વધી શકે છે અને આમ પણ દિવસે ને દિવસે નગરમાં કોરોનાના કેસની સંખ્યામાં વધતો વધારો નગરજનોમાં ભયની લાગણી લઈને આવ્યો છે. સેકટરના સિનિયર સિટીઝન પ્રમોદ દવે, સતીષ ભાવસાર, પ્રકાશ લાલા, નરેન્દ્ર ભાવસાર તથા અન્ય રહીશો ઉમેરે છે કે, તમામ સંજોગોને લેતા સરકારે કાર્યક્રમને બંધ રાખીને નગરનાં અન્ય વિકાસના કામોમાં આ કાર્યક્રમમાં વપરાતા નાણાંનો ઉપયોગ કરવો જોઈએ.

## સે-૧૪માં ગુપ્તા કોમ્પ્લેક્ષ ખાતે ધ્વજવંદન યોજાશે

ગાંધીનગર, તા.૧૪

ભારતના ૭૪મા સ્વતંત્રતા દિવસની ઉજવણી ગુપ્તા કોમ્પ્લેક્ષ ખાતે જાગૃત વસાહત ફોરમ દ્વારા કોરોનાને અનુલક્ષીને સોશિયલ ડીસ્ટન્સ, માસ્ક અને સેનેટાઈઝરની વ્યવસ્થા સાથે કરવામાં આવશે. જેમાં અતિથિ વિશેષ તરીકે કેપિટલ ક્રાન્તિના પાર્થ ઠકકર, આમંત્રિત મહેમાન તરીકે ડૉ.ગુલાબચંદ પટેલ, અધ્યક્ષ ગાંધી સાહિત્ય સેવા સંસ્થાન ચેરીટેબલ ટ્રસ્ટ અને અગ્રણીઓ તથા વસાહતીઓ ઉપસ્થિત રહેશે. સમસ્ત કાર્યક્રમનું આયોજન રાષ્ટ્રપ્રેમી રાજીવ ગુપ્તાના સહયોગથી કરવામાં આવ્યું છે તેમ કન્વીનર મહેન્દ્રભાઈ ચૌહાણે અખબારી યાદીમાં જણાવ્યું છે. કાર્યક્રમનું સંચાલન નિમેષ ચૌહાણ કરશે.



શિવશકિત મંદિર સે-૨૭ ખાતે ભગવાન શ્રી કૃષ્ણના હિંડોળાને ફૂલોથી શણગારીને તેમના જન્મ દિવસની ઉજવણી કરવામાં આવી હતી.

## આજે નહેરુ યુવા કેન્દ્ર દ્વારા વેબીનાર યોજાશે

ગાંધીનગર, તા.૧૪

હાલ ચાલી રહેલી કોરોનાની વૈશ્વિક મહામારીને કારણે નહેરુ યુવા કેન્દ્ર ગાંધીનગર દ્વારા તારીખ ૧૫મી ઓગસ્ટના રોજ આત્મનિર્ભર ભારત ઉન્નત ભારત વિષયને ધ્યાનમાં રાખીને એક વેબીનારનું આયોજન કરવામાં આવ્યું છે. આ વેબિનારમાં વક્તા તરીકે કુંતલભાઈ નિમાવત તથા જીગરભાઈ ઈમાનદાર સાથે મનિષાબેન શાહ ઉપસ્થિત રહેશે. ઉલ્લેખનીય છે કે, સિસ્કો વેબેક્સ મિટિંગ પર યોજાનાર આ વેબીનારમાં વક્તા પ્રશ્નોત્તરીનો સમય પણ રાખવામાં આવશે.

## અંબાપુર બ્રીજ રેસીડેન્સીના બંધ મકાનમાં તસ્કરો ત્રાટકયા

**ચોર ઈસમો રૂ. ૪,૦૬,૩૦૦ના દાગીના અને રોકડ રૂ.૮૦ હજાર મળી કુલ રૂ.૪,૮૬,૩૦૦ ની મત્તાની ચોરી કરી ફરાર**

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર શહેરમાં ઘરફોડ ટોળકી સક્રિય થઈ હોય તેમ લાગી રહ્યું છે. તાજેતરમાં રાંદેસણ પાસે કાસારીયો ફલેટમાં તસ્કરો ત્રાટકીને બંધ મકાનમાંથી સોનાચાંદીના દાગીના અને રોકડ રૂપીયા લઈ પલાયન થઈ ગયા છે. ત્યારે અંબાપુર બ્રીજ રેસીડેન્સી ખાતે આવેલા બંધ મકાનને તસ્કરોએ નિશાન બનાવ્યું છે. ઘરના મુખ્ય દરવાજાનું તાળુ તોડી બેડરૂમમાં રહેલી ચીજવસ્તુઓ વેર વિખેર કરી નાંખી હતી. ચોર ઈસમોએ રૂ.૪,૦૬,૩૦૦ અને રોકડા ૮૦ હજાર મળીને કુલ ૪,૮૬,૩૦૦ ની મત્તાની ચોરી કરી ચોર શખ્સો ગાયબ થઈ ગયા છે. બનાવ અંગે જીતેન્દ્ર દેસાઈએ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ચોર ટોળકીને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.

પ્રાપ્ત માહિતી મુજબ અંબાપુર ગામ નજીક આવેલી ૧૨-બ્રીજ રેસીડેન્સીમાં રહેતા જીતેન્દ્ર નિમિષભાઈ દેસાઈ (ઉં.૨૮)ગત તા.૧૦ ઓગસ્ટના રોજ દાંતીવાડા કૃષિ યુનિવર્સિટી ખાતે પોતાના પિતાજી પાસે ગયા હતા. ત્યારબાદ બીજા દિવસે સવારના સુમારે પાડોશીનો ફોન આવ્યો હતો, જેમાં ઘરનું તાળુ તુટેલું હોવાનું જણાવ્યું હતું. જેને પગલે પરિવાર તાત્કાલીક દાંતીવાડાથી ગાંધીનગર પરત ફર્યો હતો. યુવકે તપાસ કરી તો ઘરના મુખ્ય દરવાજાનું તાળુ અને નકુચો તુટેલી હાલતમાં પડ્યો હતો. જયારે બેડરૂમમાં રહેલા સામાન વેર વિખેર હાલતમાં હતો. યુવકે ઘરમાં ઝીણવટીભરી તપાસ કરતા ઘરમાંથી રોકડા રૂ.૮૦ હજાર, અંદાજીત ૪ લાખના સોના-ચાંદીના દાગીનામાં સોનાની ૩ વીંટી, દોરો, પેન્ડલ, લકી, ચાંદીનો સિક્કો, જુડો, કડા સહિતનો સમાવેશ થાય છે. આ ઉપરાંત ચોર ટોળકી કાર અને બાઈકની ચાવી એ બે એટીએમ પણ લઈ ગયા છે. બનાવ અંગે અડાલજ પોલીસ મથકે યુવકે ચોરી અંગે ફરીયાદ નોંધાવતા પોલીસે એફએસએલ અને ડોગ સ્કવોડની મદદથી ચોર ઈસમોને પકડી પાડવા માટે ચક્રો ગતિમાન કર્યા છે.



નંદ ઘેર આનંદ ભયો, જય કનૈયા લાલ કી, હાથી ઘોડા પાલખી, જય કનૈયા લાલકી...!! આ જયઘોષ આ વખતે મંદિરોમાં તો સાંભળવા ના મળ્યો પરંતુ શ્રધ્ધાળુઓ ભગવાન શ્રીકૃષ્ણના જન્મોત્સવને ઉજવે નહીં એવું કેવી રીતે શકય બને? કોરોના મહામારીના કાળમાં સરકારે જાહેરમાં જન્માષ્ટમીની ઉજવણી પર પ્રતિબંધ લાદી દીધો પરંતુ કૃષ્ણ ઘેલાં ભકતોએ પોતના ઘરે જ કૃષ્ણ જન્મોત્સવ કરીને ઉજવણી કરી હતી. ગાંધીનગરના રાયસણ ખાતેના પંડિત દિનદયાળ ઉપાધ્યાય નગર ખાતે જી-બ્લોકમાં એક શ્રધ્ધાળુ પરિવારે પોતાના ઘરે જ જન્માષ્ટમીની અનોખી સજાવટ કરી ઉજવણી કરતા તસવીરમાં દ્દશ્યમાન થાય છે.

## ઝુંડાલ પાસે રીધમ હાઈટ્સ પાસે કારનો કાચ તોડી ૧ લાખની ચોરી

ગાંધીનગર, તા.૧૪

અમદાવાદ-ગાંધીનગર માર્ગ પર ઝુંડાલ રીંગ રોડ પાસે નવી બની રહેલી રીધમ હાઈટ્સ સાઈટ પર ઉભી રહેલી ગાડીનો પાછળનો દરવાજાનો કાચ તોડી અંદરથી બેગની ઉઠાંતરી કરી ચોર ઈસમો પલાયન થઈ ગયા હતા. બેગમાં રોકડ રૂ.૧ લાખ, ચેકબુક તેમજ જરુરી કાગળો હતા. બનાવ અંગે બિલ્ડર નરેશભાઈએ ફરીયાદ નોંધાવતા પોલીસે તપાસ શરુ કરી છે.

મળતી વિગત મુજબ અમદાવાદ નવા નરોડા ખાતે રહેતા બિલ્ડર નરેશ લવજીભાઈ ગજેરાની ફરીયાદ મુજબ ઘટના તા.૩૧ જુલાઈની છે. સવારે સાડા દશ વાગ્યાના અરસામાં તે રીધમ હાઈટ્સ સાઈડ પર આવ્યા હતા. ઓફીસની નજીક કાર પાર્ક કરી હતી. ફરીયાદી ઓફિસની અંદર બેઠા બેઠા કામગીરી કરતા હતા. ત્યારબાદ ચાર વાગ્યાના સુમારે તે ઓફિસથી બહાર આવ્યા હતા. ત્યારે કારની ખાલી સાઈડના પાછળની સાઈડનો કાચ તુટેલો હતો. કારમાં પાછળની સીટમાં રહેલી બેગ ગાયબ હતી. આ બેગમાં રોકડા રૂ.૧ લાખ, ચેકબુક તેમજ જરુરી કાગળો હતા. બિલ્ડરે ઓફિસના સીસીટીવી ફુટેજ ચેક કરતા બપોરના ત્રણ વાગ્યાના અરસામાં બે યુવકો બાઈક પર આવ્યા હતા. જેમાં એક શખ્સે કારનો કાચ તોડીને બેગ લઈ લીધી હતી. પોતાના વતન અમરેલી કામ હોવાથી ફરીયાદી ગયા હતા ત્યારબાદ આવીને તેઓએ અડાલજ પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે ચોર ઈસમોને પકડી પાડવા માટે તપાસ શરુ કરી છે.

## 'વિકાસ'ની 'ગીફટ'નો રાહ એટલો આસાન નથી..!!



ગાંધીનગરનું ભવિષ્ય જેના પર મીટ માંડીને બેઠું છે તે ગીફટ સિટીએ વિકાસની રાહ પર ઝડપ પકડવાની શરૂ કરી છે પરંતુ આ રાહ એટલો આસાન નથી કેમ કે ભાવિના સ્વપ્ન ભલે ગમે તેટલાં આધુનિક હોય, તેને અમલમાં મુકવાવાળું સરકારી વહીવટી તંત્ર હજુ પણ 'અંગ્રેજોના જમાના'નું જરી પુરાણું જ છે, અને આ બાબતની ચાડી ગીફટ સિટી તરફ જતા શાહપુર રોડની આ દુર્દશા જ કહી આપે છે. આ રસ્તે એટલા બધાં અને એટલા મોટા ખાડા પડેલા છે કે ગીફટસિટીના વિકાસની ગાડી અહીં જ પંકચર થઈ જઈ રહી છે.

### ચિરવિદાય

- સ્વ. શાંતાબેન જુજારજી વાઘેલા, ઉ.વ. ૬૭, લેકાવાડા, તા. ગાંધીનગર
- સ્વ. પરમાર અજીતભાઈ માનાભાઈ, ઉ.વ. ૭૦, મુ. જેઠલજ, તા. કલોલ
- સ્વ. સોલંકી રંજનબેન સુરેશભાઈ, ઉ.વ. ૪૩, મુ. ગિયોડ, તા. ગાંધીનગર
- સ્વ. મારવાડી દિનેશજી હીરાજી, ઉ.વ. ૩૫, સેકટર-૨૪, છાપરાં
- સ્વ. અનસુયાબેન ધિરજલાલ પ્રજાપતિ, ઉ.વ. ૬૭, સેકટર-૨૨, ગાંધીનગર
- સ્વ. રમેશભાઈ મેરૂભાઈ દંતાણી, ઉ.વ. ૫૫, સેકટર-૨૩, છાપરાં
- સ્વ. ભારતીબેન રજનીકાન્ત ભાવસાર, ઉ.વ. ૬૪, રૂપાલ, ગાંધીનગર
- સ્વ. પટેલ હરગોવિંદભાઈ કચરાભાઈ, ઉ.વ. ૭૦, મુ. પેથાપુર, ગાંધીનગર